# સેવા-ભક્તિનો અનોખો સમન્વય : સે-૩નુ સાંઈમંદિર ગાંધીનગરનુ શિરડીધામ બન્યુ





ગાંધીનગર તા ૧૩

સેવા અને ભકિતના અનોખા સમન્વય વચ્ચે શહેરના સે-૩ માં સ્થિત સાંઈમંદિરમાં અનોખી આધ્યાત્મિક ચેતના જાગૃત થઈ છે. ગાંધીનગરના શિરડી બનતા આ દિવ્ય મંદિરમાં ભજનની સુરાવલી અને સેવાના અનેકવિધ કાર્યો વચ્ચે દર્શનાર્થે આવતા ૫ હજાર જેટલા ભાવિકોને ખીચડીનો પ્રસાદ પીરસવામાં આવે છે. મનમાં ભક્તિનુ ભાથુ લઈ અતુટ શ્રધ્ધા સાથે સાંઈના ચરણોમાં શિશ નમન કરવા આવતા ભાવિકો પ્રસાદસ્વરૂપે પીરસાતી ખીચડીની મહેંકથી પણ મંત્રમુગ્ધ થઈ રહ્યા છે. છેલ્લા એક દાયકાથી દર ગુરુવારે દર્શનાર્થે આવતા ૫ હજાર જેટલા ભાવિકોને સાંઈકૃપા સેવા ટ્રસ્ટના પ્રમુખ નરેન્દ્ર શાહની આગેવાની હેઠળ ખીચડીના પ્રસાદનુ વિતરણ કરવામાં આવે છે. દર ગુરુવારે ખીચડી પ્રસાદના વિતરણ સાથે ગરીબોની આરોગ્ય ચકાસણી માટે પણ નવતર આયોજન કરવામાં આવે છે.



ગાંધીનગરનુ શિરડી એટલે સે-૩ નુ સાંઈ મંદિર ..ભાવિકોની આસ્થાનુ કેન્દ્ર સ્થાન મનાતા સાંઈ મંદિરમાં દર ગુરુવારે ખીચડીના પ્રસાદનુ વિતરણ કરવામાં આવે છે. મંદિરમાં ગુરુવારે દર્શનાર્થે આવતા ભાવિકો માટે મીઠી ખીચ્ચીની મહેંક પણ મનભાવન બની છે. સાંઈ મંદિરમાં ભક્તિ અને સેવાનો અનોખો સમન્વય જોવા મળી રહ્યો છે. દરગુરુવારે ૫ હજાર જેટલા ભાવિકો બાબાના દર્શન માટે આવે છે. સે-૩ ના આ સાંઈમંદિર દર ગુરુવારે ભાવિકોને ખીચડીના પ્રસાદનુ વિતરણ કરવામાં આવે છે. વર્ષ ૨૦૦૭ માં આ મંદિર અસ્તિત્વમાં આવ્યા બાદ અહીં દિનપ્રતિદિન અનેકવિધ સેવાના કાર્યો પણ તબક્કાવાર શરૂ કરવામાં આવ્યા છે. સે-૩ સાંઈકૃપા સેવા ટ્રસ્ટના પ્રમુખ અને ગાંધીનગર નાગરિક બેંકના એમ ડી નરેન્દ્રભાઈ શાહે આ સેવાકાર્યની શરૂઆત કરી છે. ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરીમાંથી હેડ કલાર્ક તરીકે નિવૃત થયેલા નરેન્દ્રભાઈ અગાઉ ગુજરાત શિક્ષણ કર્મચારી યુનિયનના જનરલ સેક્રેટરી પણ રહી ચુકયા છે. તેમણે સાંઈમંદિરમાં થતી આ સેવાપ્રવૃતિ અંગે જણાંવ્યુ હતુ કે બાબાના મંદિરે આવતા ભાવિકોની મનોકામના પુર્ણ થતી હોવાની શ્રધ્ધા સાથે અહીં જુના સેકટરો આસપાસના ગામો તેમજ અમદાવાદથી પણ ભાવિકો દર્શનાર્થે આવે છે. વર્ષ ૧૯૮૨માં તેઓ શિરડી દર્શન માટે ગયા ત્યારે સાંઈબાબા ખીચડી બનાવી ભાવિકોને પીરસતા હતા તે વાતથી પ્રેરાઈને ગાંધીનગરમાં પણ આ પ્રકારની સેવા પ્રવૃતિ કરવા માટેનો વિચાર મનમાં ઘર કરી ગયો અને વર્ષોના અંતે પણ આખરે આ સેવાકાર્ય શહેરમાં શરૂ થયુ તેની ખુશી તેમને આજે પણ છે. દર ગુરુવારે મંદિરે દર્શનાર્થે આવતા

● અનુસંધાન પાન-૭ પર

**દર ગુરુવારે દર્શનાર્થે આવતા ભાવિકો સુરીલા ભજન સાથે મીઠી ખીચડીના પ્રસાદથી મંત્રમુગ્ધ બને છે : શિરડી મુલાકાત દરમિયાન બાબાની પ્રવૃતિ વિશે જાણી ગાંધીનગરના નરેન્દ્ર શાહ ખીચડી સેવા શરૂ કરવા માટે પ્રેરાયા હતા : સે-૩ નુ સાંઇમંદિર પણ છેલ્લા એક દાયકાથી અનેકવિધ સેવાપ્રવૃતિની મહેંક પ્રસરાવે છે**

# સે-૧૬માં દાયકાઓ જુના ૧૦૦ જોખમી આવાસો તોડી નંખાશે

**કંગાળ અને જોખમી આવાસો તોડવાનુ કામ પણ ટુંકમાં શરૂ કરી દેવાશે : અગાઉ પણ ૨૪ મકાનોનો કડુસલો કરાયો હતો**

ગાંધીનગર તા ૧૩

ગાંધીનગરમાં નિકાલ હેઠળના ભયજનક મકાનો તોડી નાંખવામાં આવ્યા બાદ શહેરમાં હજુ પણ મોટાભાગના આવાસો રહેણાંકની દ્રષ્ટીએ યોગ્ય ન હોવાનુ સર્વેના અંતે ધ્યાને આવ્યુ છે. જેના લીધે સેકટરોમાં તબક્કાવાર મકાનો તોડવામાં આવી રહ્યા છે. શહેરના સે-૧૬ માં અગાઉ ૨૪ જેટલા ભયજનક મકાનો તોડાયા બાદ હજુ અન્ય ચ અને છ કક્ષાના ૧૦૦ મકાનો તોડવામાં આવશે. દાયકાઓ જુના મકાનો કંગાળ અને જોખમી હોવાનુ સ્પષ્ટ થતા જુના આવાસો તોડી નવી ટાવર કોલોની બાંધવા માટે જગ્યા ખુલ્લી કરવામાં આવી રહી છે.

શહેરમાં નિકાલ હેઠળના મકનો તોડી નાંખવામાં આવ્યા બાદ હજુ સેકટરોમાં ભયજનક આવાસોની સંખ્યા વિશેષ છે. તબક્કાવાર આ પ્રકારના જોખમી મકાનો તોડવામાં આવી રહ્યા છે. અગાઉ આ મામલે સરકારી આવાસોનો સર્વે પણ હાથ ધરાયો હતો. જેના અંતે જોખમી મકાનોની યાદી પણ તૈયાર કરવામાં આવી હતી. શહેરમાં દાયકાઓ જુના આવાસો હવે રહેણાંકને લાયક ન હોવાથી એકબાજુ જુના આવાસો તોડીને નવી ટાવર કોલોની પણ તૈયાર કરવામાં આવી રહી છે. શહેરના સે-૭, સે-૨૯ અને સે-૩૦ માં નવા આવાસો પણ તૈયાર કરી દેવાયા છે. જયારે હજુ પણ જોખમી સરકારી આવાસો તોડીને નવા આવાસો તૈયાર કરવા માટે ખુલ્લી જગ્યાની ઉપલબ્ધીના અંતે આયોજન કરવામાં આવી રહ્યુ છે. સે-૬ માં નવા સરકારી આવાસો બાંધવા માટે કામ શરૂ પણ કરી દેવાયુ છે. સે-૬ માં બી અને સી કક્ષાના નવા આવાસો બાંધવામાં આવી રહ્યા છે. જયારે સેકટરમાં જુના અને કંગાળ આવાસો તોડવામાં પણ આવી રહ્યા છે. પરંતુ શહેરમાં અંદાજિત સાડા ચાર દાયકા જુના આવાસો રહેણાંકની દ્રષ્ટીએ યોગ્ય ન હોવાથી મોટાભાગના આવાસો ખાલી અને ખંડેર બની ગયા છે. આવાસ રીનોવેશન હેઠળ લઈ શકાય તેવી સ્થિતિમાં પણ નથી. જેના લીધે આ ભયજનક આવાસો તોડવાનુ કામ હાથ ધરાયુ છે. શહેરના સૌથી જુના

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લા પંચાયતમાં વીજળી વેરણ થવાની ઘટના માટે તંત્રની ઉદાસીનતા

ગાંધીનગર, તા. ૧૩

જિલ્લા પંચાયતના બીજા માળે આજે વીજળી વેરણ થઈ જતાં ગરમીથી રાહત મેળવવા તંત્રના કર્મયોગીઓ બીજી બ્રાન્ચોમાં જતા રહ્યા હતા.

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં વારંવાર બીજા માળે લાઈટ જતી રહેવાની ઘટનાને પગલે આ મજલે બેસતી વિવિધ શાખાઓની કામગીરી પર વિપરીત અસરો પડી રહી છે.

જિલ્લા પંચાયતમાં હાલ જે વીજ પુરવઠો અપાય છે તેની ક્ષમતામાં વધારો કરવાની રજુઆતો પછી અંદાજો પણ તૈયાર કરાયા હતા અને ટોરેન્ટ પાવર તરફથી તે ભરવા માટે જણાવવામાં આવતાં દોઢેક વર્ષ પહેલાં પૈસા પણ ભરાઈ જવા પામ્યા છે.

જોકે આ માટે એક અલાયદો નાનો રૂમ બનાવવાની વાતને લઈ આખો મામલો અટવાઈ ગયો છે. તંત્રને પણ જાણે કંઈ જ પડી નથી અને બધુ આવુ જ ચાલ્યા કરે તેવી નીતિ બાંધકામ વિભાગ દ્વારા અપનાવવામાં આવી રહી હોવાથી કર્મચારીઓમાં પણ રોષ ફેલાયો છે.

જિલ્લા પંચાયતમાં વીજળી વેરણ થવાની ઘટનાઓ સામાન્ય બની છે પણ દોઢ વર્ષ પહેલાં ભરાયેલા નાણાં પછી આજે પણ વીજ પુરવઠાની ક્ષમતામાં વધારો થયો નથી અને તે પણ તંત્રની ઉદાસીનતાને કારણે. લાકોમાં ભરાયેલી રકમના વ્યાજનું શું ? આવુ વલણ દાખનાર તંત્રના જવાબદાર અધિકારીઓ સામે પગલાં લેવા જોઈએ તેવી ચર્ચાઓ પણ થવા લાગી છે.

જિલ્લા પંચાયતમાં વારંવાર વીજળી વેરણ થતાં હવે ફરિયાદો કરવાને બદલે અધિકારીઓ ફિલ્ડમાં જતા રહે છે અને કર્મચારીઓ પણ બીજી શાખાઓમાં જતા રહે છે.

# ગરમીનો વધતો પારો : તાપમાન ૪૨ ડિગ્રી

**ગયા અઠવાડિયે વાદળછાયા વાતાવરણ વચ્ચે ગરમીમાં રાહત રહી હતી : પુનઃ તાપમાન વધતા ગરમી વધી**



ગાંધીનગર, તા.૧૩

થોડાક દિવસ રાહત રહ્યા બાદ પુનઃ ગરમીએ તેનો આકરો મિજાજ બતાવવાનો પ્રારંભ કરી દીધો છે. છેલ્લા બે દિવસથી ક્રમશઃ તાપમાન વધી રહ્યું છે. આજે મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રીએ પહોંચી જતા વસાહતીઓએ આકરી ગરમી સહન કરવી પડી હતી. ઉનાળો આ વખતે આકરો બની રહ્યો છે. એપ્રિલ માસમાં બે વખત હીટવેવની અસર રહ્યા બાદ મે માસના પ્રારંભે ગરમી થોડીક ઘટી હતી. ઓરિસ્સામાં આવેલા ફની તોફાનની અસર હેઠળ વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો અને આકાશમાં વાદળો છવાયા હતા. વાદળછાયુ વાતાવરણ રહેતા તાપમાનમાં ખાસ્સો એવો ઘટાડો નોંધાયો હતો. મહત્તમ તાપમાન ૩૮-૩૯ ડીગ્રી પહોંચી ગયું હતું. જેના કારણે ગરમીમાં ઘણી રાહત રહી હતી. જો કે વાદળો હટતા ગરમીએ પુનઃ આક્રમકતા દર્શાવવાની શરૂઆત કરી હતી. ગઈ કાલે મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રી પહોંચ્યું હતું જે આજે વધીને ૪૨ ડિગ્રી રહ્યું હતું. તાપમાન અને તડકો વધતા ગરમીનો મિજાજ આકરો રહ્યો હતો. બપોરે બે થી ચાર દરમિયાન તો રીતસર લુ ફુંકાતી હતી. સતત લુ ફુંકાતા વસાહતીઓએ ઘરની બહાર નીકળવાનું ટાળ્યું હતું. મોડી સાંજ સુધી માર્ગો સુમસામ રહ્યા હતા. મોડી રાત્રે થોડીક રાહત મળતા વસાહતીઓ બગીચાઓમાં લટાર મારવા નીકળી પડયા હતા. ઘ-૪ના વિસ્તારમાં તો મેળા જેવું વાતાવરણ સર્જાયું હતું.

# જિલ્લામાં ૬૧ ટકા એનીમિક મધર છે !!

**કુપોષણની સમસ્યાનો મોટો પડકાર; તંત્રની ઉદાસીનતા પણ ચિંતાજનક; ગત વર્ષ કરતાં આંશિક ઘટાડો નોંધાયો છે**

ગાંધીનગર, તા. ૧૩

જિલ્લામાં એનેમિક (કુપોષિત) સગર્ભા મહિલા એ જિલ્લાના આરોગ્યતંત્રની ચિંતાનો મુખ્ય વિષય બની ઉભરી રહેલ છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ૬૧ ટકા મહિલાઓ એનેમિક મધર તરીકે ઓળખી કાઢવામાં આવેલ છે. જો કે આમાં માત્ર હિમોગ્લોબીનને જ આધાર બનાવવામાં આવ્યો હોવાનું તંત્રના સૂત્રોએ કબુલ્યુ છે.

આ સૂત્રોએ જણાવ્યુ હતુ કે કુપોષણ સામેની ઝુંબેશને પગલે જિલ્લામાં ગત વર્ષની તુલનામાં આ વર્ષે ૧ ટકાનો ઘટાડો જરૂર નોંધાયો છે હજુ આ પરિસ્થિતિ સુધરવામાં ઘણો સમય લાગશે. બદલાતી જતી જીવનશૈલી અને આહાર પ્રથાઓ પણ આ સમસ્યાના મૂળમાં હોવાનું આડકતરૂ સમર્થન આ સૂત્રો આપી રહ્યા છે.

જિલ્લામાં કુપોષિત સગર્ભા બહેનો પર તંત્રે હવે વધુ ધ્યાન કેન્દ્રીત કરવા માટે અલાયદો રોડમેપ તૈયાર કરવાની કવાયત હાથ ધરી હોવાનું પણ જાણવા મળેલ છે. જોકે જિલ્લાના આરોગ્યતંત્રને કુપોષણની સમસ્યાનો પડકાર મોટો છે.

જે ચોંકાવનારી વિગતો બહાર આવી છે તેમાં એનીમિક મધર સૌથી વધુ દહેગામ તાલુકામાં જોવા મળી છે. આ પછી ગાંધીનગર તાલુકો આવે છે.

દહેગામમાં એનીમિક મધરનું પ્રમાણ ૭૦ ટકાથી વધુ છે તો ગાંધીનગર તાલુકામાં ૫૭ ટકાથી વધુ આ પ્રમાણ જોવા મળ્યુ

● અનુસંધાન પાન-૭ પર

# સે-૧ના તળાવની રોનક નિખરી નથી પરંતુ દુકાનો માટે મોટામસ શેડ તાંણી બંધાયા

**તળાવ વિકાસની યોજના પુર્ણરૂપે સાકાર થઇ નથી ત્યાં દુકાનોની ફાળવણીના મામલે પણ સવાલો મંડરાયા**



ગાંધીનગર તા ૧૩

શેહરમાં સે-૧ સ્થિત તળાવ વિકાસની યોજના હજુ સાકાર થઈ નથી. અલબત્ત તળાવના તળિયામાં પાણી ટકે તેમજ આ વિસ્તારની રોનક નિખરે તેવુ આયોજન દાયકાના અંતે પણ થઈ શક્યુ નથી. કોર્પોરેશન હસ્તકના આ તળાવને અનુલક્ષી દુકાનોની ફાળવણીના મામલે પણ સવાલો મંડરાયા છે. જયારે દુકાનો માટે મોટામસ શેડ પણ તાંણી બાંધવમાં આવતા રોષ પ્રવર્તયો છે.

શહેરના સે-૧ માં તળાવ વિકાસની યોજનાને છેલ્લા એક દાયકાથી અંજામ આપવામાં તંત્રન હજુ સફળ થયુ નથી. માર્ગ મકાન વિભાગે આ તળાવને કોર્પોરેશનને સોંપી દીધુ છે. પરંતુ વર્ષોના અંતે તળાવના તળિયાની તરસ છીપાતી નથી. અલબત્ત તળાવમાં પાણી જોવા મળતુ નથી. જેના લીધે

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર જિલ્લાની પાણી અંગેની વિશેષ સમીક્ષા બેઠક યોજાઈ

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લા પ્રભારી સચિવ શ્રી સંજીવકુમારના અધ્યક્ષ સ્થાને આજરોજ ગાંધીનગર જિલ્લાની પાણી અંગેની વિશેષ સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ગ્રામ્ય, શહેરી અને નગરપાલિકા વિસ્તારમાં પાણીની વિતરણ વ્યવસ્થા, ગુણવત્તા અને જરૂરિયાત અંગેની ચર્ચા કરવામાં આવી હતી.



બેઠકમાં જિલ્લા પ્રભારી સચિવ શ્રી સંજીવકુમારે ગ્રામ્ય અને નગરપાલિકા વિસ્તારમાં કયારેક પાણીની સમસ્યા સુચારું રીતે વિતરણ વ્યવસ્થા ન ગોઠવતા ઉભી થતી હોય છે, જેથી પાણીની વિતરણ વ્યવસ્થા સુચારું કરવા માટે સંબંધિત અધિકારીઓને ભારપૂર્વક જણાવ્યું હતું. પાણીની માંગના સંતોષ સાથે સાથે તેની ગુણવત્તા જળવાઈ રહે અને સપ્રમાણ જથ્થો મળી રહે તેવું આયોજન કરવું જોઈએ. પાણી સંલગ્ન કોઈ પણ પ્રશ્ન આવે તો સંબંધિત અધિકારીઓને તેનો ખૂબ ત્વરિત સમસ્યાનો હલ આવે તેવી વહીવટી કુશળતા દાખવી, જેથી પાણી અંગેની કોઈને તકલીફ ન પડે. પાણીનો બિન જરૂરી બગાડ ન થાય તે માટે પાણીની પાઈપલાઈનમાં કયાં પણ લીકેજ ન થાય તેની ખાસ તકેદારી રાખવી. આ અંગેની ફરિયાદ આવે તો તેનો ઝડપથી ઉકેલ લાવવો.

આ બેઠકમાં ગાંધીનગર જિલ્લામાં વિવિધ તાલુકાના ગામોમાં નવીન બોર બનાવવાની માંગ આવી છે, તેમાં શું શું કામગીરી કરવામાં આવી છે, તેની વિસ્તૃત માહિતી મેળવી હતી. તેમજ ગાંધીનગર મહાનગર પાલિકા અને ચાર નગરપાલિકા વિસ્તારમાં કેટલા પાણીના જથ્થાની જરૂરિયાત છે, કેવી રીતે નગરપાલિકા વિસ્તારમાં પાણી આપવામાં આવે છે, તેની સુચારું વ્યવસ્થાની પણ જાણકારી મેળવી હતી.

આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી એસ.કે.લાંગાએ જણાવ્યું હતું કે, ગાંધીનગર જિલ્લામાં પાણી અંગેનો કોઈ મોટો પ્રશ્ન નથી. જિલ્લાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં પીવાના પાણીનું યોગ્ય અને સમાત્રામાં પાણીનું વિતરણ કરવામાં આવે છે. વિવિધ તાલુકાના ૨૮ ગામોમાં બોર અંગેની માંગ આવી હતી. જેમાંથી ત્રણ ગામોમાં બોર બનાવવામાં આવ્યા છે. તેમજ ૬ જગ્યાએ બોર બનાવવાની પ્રક્રિયા ચાલું છે.

# ચોમાસું ૨૦ જુલાઈએ રાજ્યમાં આગમન કરશે

ગાંધીનગર,તા.૧૩

વર્ષ ૨૦૧૮માં ગુજરાતમાં ઓછો વરસાદ પડ્યો હોવાના કારણે રાજ્યના અનેક જિલ્લાઓ અત્યારે પાણી માટે તરસી રહ્યા છે. તો રાજ્ય સરકાર દ્વારા પાણીની અછતનો સામનો કરી રહેલા વિસ્તારોમાં પીવાનું પાણી પહોંચાડવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

તો હવામાન વિભાગ સિવાય ગ્રહ-નક્ષતોની યુતિ અને વનસ્પતિના લક્ષણોને આધારે પણ ચોમાસાની આગાહી કરવામાં આવે છે. આ બાબતોને આધારે કરવામાં આવેલી આગાહી નિરાશાજનક સમાચાર લાવી રહી છે. તેના આધારે એવી આગાહી કરવામાં આવી રહી છે કે આ વર્ષે ચોમાસું નબળું રહેશે. આ ઉપરાંત, ચોમાસું ૧૫ જૂનને બદલે ૨૦ જુલાઈએ ગુજરાતમાં આગમન કરશે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com